# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે – આજે સાંજે અમદાવાદમાં રોડ શૉ કરશે.**
2. **પ્રધાનમંત્રીએ લોકોને સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદવા અને તેનો ઉપયોગ કરવા અપીલ કરી.**
3. **બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને મોરબીમાં આજે અતિભારે વરસાદની આગાહી.**
4. **ભાવનગરનાં ઋચા ત્રિવેદીએ રાજ્યકક્ષાની યોગાસન સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો**
5. **અમદાવાદમાં આજથી શરૂ થનારી રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં 30 દેશના 291 ખેલાડી ભાગ લેશે.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે રહેશે. તેઓ આજે સાંજે રાજ્યની પાંચ હજાર 400 કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી અમદાવાદના નિકોલમાં ખોડલધામ મેદાનમાં જનસભા પણ સંબોધશે. સત્તાવાર યાદી મુજબ , શ્રી મોદી હરિદર્શન સર્કલથી રોડ શૉ યોજી સભાસ્થળ પર પહોંચશે. સાંભળીએ એક અહેવાલ.

**(V/C- APARNA KHUNT)**

પ્રવાસના બીજા દિવસે આવતીકાલે શ્રી મોદી અમદાવાદના હંસલપુરથી હાઈબ્રિડ બૅટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક એકમ અને 100 દેશ માટે બૅટરી વિદ્યુત વાહન નિકાસનો પ્રારંભ કરાવશે.

---

# PM MODI ATMANIRBHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , વિકસિત ભારતનો માર્ગ આત્મનિર્ભર ભારતમાં રહેલો છે.

અમદાવાદમાં ગઈકાલે એક સંસ્થાના કાર્યક્રમને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધતાં શ્રી મોદીએ કહ્યું, હાલ સમગ્ર વિશ્વ અસ્થિરતાના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. આવા સમયે ભારત પાસે ખરેખર આત્મનિર્ભરતા હાંસલ કરવાની તક છે.

તેમણે યુવાનો , ખાસ કરીને બાળકોની મદદથી આવનારી પેઢીનું ભવિષ્ય સલામત કરવા ભારતમાં બનેલી ચીજવસ્તુઓ જ ખરીદવા આહ્વાન કર્યું છે.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)**

આ પ્રસંગે વર્ચ્યૂઅલ માધ્યમથી ઉપસ્થિત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી કાર્યકાળમાં ગુજરાતના વિકાસનો મજબૂત પાયો નાખ્યો અને આજે પ્રધાનમંત્રી તરીકે તેઓ ગુજરાતને વૈશ્વિક પ્રવેશદ્વાર તરીકે પરિવર્તિત કરી રહ્યા છે.

---

## WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી 29 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે બનાસકાંઠા , પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને મોરબીમાં અતિભારે વરસાદની સંભાવના છે. આ સિવાય કચ્છ , દેવભૂમિદ્વારકા, જામનગર, ભાવનગર, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ સહિતના જિલ્લામાં ભારે વરસાદ થઈ શકે છે. માછીમારોને પણ 28 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આ અંગે હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે વધુ માહિતી આપી.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

રાજ્યમાં ફરી વરસાદનું જોર વધતાં ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં 222 તાલુકામાં વરસાદ થયો. સૌથી વધુ ચાર ઇંચ જેટલો વરસાદ છોટાઉદેપુરના સંખેડા તાલુકામાં થયાના અહેવાલ છે. જ્યારે વડોદરાના ડભોઈ , સાબરકાંઠાના ઇડર , પાટણના રાધનપુર અને બનાસકાંઠાના દાંતામાં સરેરાશ ત્રણથી સવા ત્રણ ઇંચ જેટલો વરસાદ નોંધાયો. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 82 ટકા થઈ ગયો છે.

---

# RAIN - DAM

રાજ્યમાં ગઈકાલથી વાતાવરણમાં પલટો આવતા રાતથી અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ થઈ રહ્યો છે. આજે પણ વહેલી સવારથી અમદાવાદ સહિત કેટલાક જિલ્લામાં વરસાદ થઈ રહ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના દાંતા , પાલનપુર , ડીસા , ધાનેરા , દાંતીવાડા , સૂઇગામ તાલુકામાં વરસાદના અહેવાલ છે.

અમરેલી જિલ્લામાં વરસાદને પગલે ધારી પાસે આવેલો ખોડિયાર બંધ **70** ટકા સુધી ભરાતા તે હાઇ અલર્ટ પર છે. જળાશય પૂર્ણ સપાટીએ પહોંચતા કોઈ પણ સમયે બંધના દરવાજા ખોલા ઈ શકે છે. તેને લઈ નીચાણવાળા વિસ્તારના લોકોને નદી કે પટના કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા અને સલામત સ્થળે ખસી જવા સૂચના અપાઈ છે.

ભાવનગરના ગારિયાધાર તાલુકાના ઠાંસા , જૂના ગુજરડા, મનાજી, રાણીગામ અને સાતપડા તેમજ પાલીતાણા તાલુકાના ચોક, ડુંગરપુર, હાથસણી સહિત **50**થી વધુ ગામને સાવચેત રહેવા સૂચના અપાઈ છે.

રાજ્યમાં વરસાદને લીધે અત્યાર સુધી કુલ પાંચ હજાર 191 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું તેમજ ફસાયેલા 934 લોકોને બચવાયા છે.

વરસાદને પરિણામે હાલ રાજ્યના 190 માર્ગ વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે.

બીજી તરફ રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજના 84 ટકા જેટલી ભરાઈ ગઈ છે. દરમિયાન હાલ 91 બંધ હાઇ અલર્ટ અને 28 બંધ અલર્ટ પર છે.

---

# NHSRCL STATEMENT

અમદાવાદમાં સતત ભારે વરસાદ અને ધરોઈ બંધમાંથી 60 હજાર ક્યૂસેક પાણી છોડાતા ગઈકાલથી સાબરમતી નદીમાં પાણીનું સ્તર વધી ગયું છે. તેને લઈ નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ- **NHSRCL**એ એક નિવેદનમાં જણાવ્યું , અમદાવાદમાં સાબરમતી નદી પર 36 મીટર ઉંચા બ્રિજ બનાવાઈ રહ્યો છે.

તેના તમામ પાયા અને પિયરનું કામ પૂર્ણ થઈ ગયું છે. હાલમાં બ્રિજનું ડેક બેલેન્સ કેન્ટિલિવર ટેક્નિકથી બનાવવામાં આવી રહ્યો છે. તેને પૂરની કોઈ અસર થઈ નથી. **NHSRCL**ના અધિકારીઓ અને કૉન્ટ્રાક્ટર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને શહેર વહીવટી તંત્ર સાથે સતત સંપર્કમાં છે.

---

# CAR ACCIDENT -DWARKA

દેવભૂમિ  દ્વારકાના સલાયા ગોઇંજ વચ્ચે કોઝવે પર કાર ચાલકે કાબુ ગુમાવતાં કાર  બ્રિજ નીચે પાણીમાં ખાબકી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક તરવૈયાઓએ કારમાં સવાર લોકોને પાણીમાંથી  બહાર કાઢ્યા હતા સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. ઇજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.

---

# BHAVNAGAR GOLD MEDAL

ભાવનગરનાં ઋચા ત્રિવેદીએ રાજ્યકક્ષાની યોગાસન સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. વલસાડ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં આંતર-રાષ્ટ્રીય યોગા ખેલાડી અને

મિસ યોગિની ઑફ ગુજરાતનાં ટાઈટલ વિજેતા ઋચા ત્રિવેદીએ 17 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં આ સિદ્ધિ હાંસલ કરી છે. હવે તેઓ રાષ્ટ્રીય કક્ષાની યોગાસન સ્પર્ધામાં ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, 14 વર્ષનાં ઋચા ત્રિવેદી ભાવનગરની દક્ષિણામૂર્તિ શાળામાં 10-મા ધોરણમાં ભણે છે. તેઓ યોગગુરુ અને યોગ નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહ્યાં છે. તેમની આ સિદ્ધિ બદલ શાળાના શિક્ષકોએ તેમને આશીર્વાદ સાથે અભિનંદન પાઠવ્યા છે.

---

## AMDAVAD WEIGHTLIFTING

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, રમતગમત નીતિ રમતોને વધુ સરળ બનાવીને રમતગમતના માળખાને મજબૂત કરવાનું કામ કરે છે.

અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટિંગ સ્પર્ધાનો ગઈકાલે પ્રારંભ કરાવતા શ્રી માંડવિયાએ આ વાત કહી. તેમણે કહ્યું, દેશના ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરની રમત માટે તૈયાર કરવા અને દેશમાં યોગ્ય રમતગમત વાતાવરણ વિકસાવવા અનેક પરિવર્તન કરાયા.

આ પ્રસંગે ઉપસ્થિત રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી

## (BYTE: HARSH SANGHVI)

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં આજથી શરૂ થતી આ રમતમાં આગામી 31 ઑગસ્ટ સુધી 144 જેટલા ચંદ્રક જીતવા 30 રાષ્ટ્રમંડળ દેશના 291 ખેલાડી

વિવિધ શ્રેણીની સ્પર્ધામાં ભાગ લેશે. ગ્લાસગો ખાતે યોજાનારી રાષ્ટ્રમંડળ રમત 2026 માટેની આ ક્વાલિફાયર રમત હશે.

---